**GJSK190012282022**

**:: નમુના–અ ::**

| **જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં, મુ.પોશીના, જીલ્લા–સાબરકાંઠા**<br>**સેહજાદખાન જે.બિહારી** | |
|---|---|
| ચુકાદાની તારીખ | ૧૧/૦૧/૨૦૨૪ |
| ફોજદારી કેસ નંબર | ૧૧૯૪/૨૦૨૨ |
| ગુના ની વિગત | |
| ગુનાની કલમ | ભારતીય દંડ સંહિતાની કલમ–૩૩૭, ૩૨૪, ૩૨૩, ૨૯૪(ખ),૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી. એકટની કલમ–૧૩૫ મુજબ.. |
| પ્રથમ માહિતી અહેવાલ નંબર | પોશીના પોલીસ સ્ટેશન પાર્ટ–સી ગુ. ર.નં. ૦૨૮૬/૨૦૨૨ |
| પોલીસ સ્ટેશન | પોશીના પોલીસ સ્ટેશન |
| ફરિયાદી પક્ષ | સરકાર શ્રી /ફરીયાદી નુ નામ : શંકરભાઈ સવિચાભાઈ ગમાર, રહે. ઉંબરવા , તા.પોશીના,જી.સાબરકાંઠા |
| રજૂઆત | ફરીયાદી તરફે વિ.વ.શ્રી :– એસ.ડી.પટેલ |
| આરોપી પક્ષ | આરોપીનુ નામ<br>(૧) ઈશ્વરભાઈ બચુભાઈ ગમાર<br>(૨) દિનેશભાઈ ઉર્ફે કાળાભાઈ બચુભાઈ ગમાર<br>બંને રહે.ઉંબરવા, તા.પોશીના,જી.સાબરકાંઠા |
| રજૂઆત | વિ.વ.શ્રી બી.એસ.વાઘેલા |

**:: નમુના–બ ::**

| | |
|---|---|
| **ગુનાની તારીખ** | ૨૦/૦૫/૨૦૨૨ |
| પ્રથમ માહિતી અહેવાલની તારીખ | ૨૧/૦૫/૨૦૨૨ |
| આખરી અહેવાલની તારીખ | ૧૫/૧૦/૨૦૨૨ |
| તહોમતનામાની તારીખ | ૧૫/૧૦/૨૦૨૨ |
| પુરાવો શરૂ થયાની તારીખ | ૦૫/૦૬/૨૦૨૩ |
| ચુકાદા માટે રાખવાની તારીખ | ૦૮/૦૧/૨૦૨૪ |
| ચુકાદાની તારીખ | ૧૧/૦૧/૨૦૨૪ |
| સજા હુકમની તારીખ (લાગુ પડે તો) | – |

**:: આરોપીની વિગત ::**

| **આરોપીનુ અનુક્રમ** | આરોપીનુ નામ | ધરપકડ તારીખ | જામીન મુક્તિ તારીખ | તહોમત | શુ નિર્દોષ છોડયા / સજા કરી | કરવામાં આવેલ સજા | સુનાવણી દરમ્યાન અટકાયતનો સમયગાળો ફો.કા. સંહિતાની કલમ ૪૨૮ મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ઈશ્વરભાઈ બચુભાઈ ગમાર રહે. ઉંબરવા, તા.પોશીના, જી.સાબરકાંઠા | ૨૬/ ૦૫/ ૨૦૨૨ | ૨૬/ ૦૫/ ૨૦૨૨ | ભારતીય દંડ સંહિતાની કલમ– ૩૩૭, ૩૨૪, ૩૨૩, ૨૯૪ (ખ), ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી. એકટની કલમ– ૧૩૫ મુજબ.. | નિર્દોષ | – | – |
| ૨ | દિનેશભાઈ ઉર્ફે કાળાભાઈ બચુભાઈ ગમાર બંને રહે. ઉંબરવા, તા.પોશીના, જી.સાબરકાંઠા | ૨૬/ ૦૫/ ૨૦૨૨ | ૨૬/ ૦૫/ ૨૦૨૨ | ભારતીય દંડ સંહિતાની કલમ– ૩૩૭, ૩૨૪, ૩૨૩, ૨૯૪ (ખ), ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી. એકટની કલમ– ૧૩૫ મુજબ.. | નિર્દોષ | | |

## :: નમુનો – ક ::

## ફરિયાદી/બચાવ/ન્યાયાલયના સાક્ષીની યાદી

### અ. ફરિયાદ પક્ષના સાક્ષી

| અ.નં. | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| ફ.સ.૧ | શંકરભાઈ સવિચાભાઈ ગમાર | ફરીયાદી |
| ફ.સ.૨ | જેથાભાઈ લાધુભાઈ ગમાર | સાહેદ |
| ફ.સ.૩ | દીપુબેન જેથાભાઈ ગમાર | સાહેદ |

### બ. બચાવ પક્ષના સાક્ષી

| અ.નં. | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| બ.સ.૧ | – | – |
| બ.સ.૨ | – | – |

### ક. ન્યાયાલયના સાક્ષી

| અ.નં . | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| ન્યા.સ. ૧ | – | – |
| ન્યા.સ.૨ | – | – |

### ફરિયાદી/બચાવ/ન્યાયાલયના આંકની યાદી યાદી

### અ. ફરિયાદ પક્ષના આંકની યાદી

| અ.નં. | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧. | આંક : ફ. ૧/ફ.સ.૦૧ | ફરીયાદ |
| ૨. | આંક : ૨૪એ | પંચનામુ |
| ૩. | આંક : ૨૫ | ઈજાપામનાર નુ મેડી.સર્ટીફીકેટ |
| ૪. | આંક : ૨૬ | જી.મેજી. નુ જાહેરનામુ |

### બ. બચાવ પક્ષના આંકની યાદી

| અ.નં. | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧ . | આંક : બ–૧/બ.સ.૧ | – |
| ૨ . | આંક : બ–૨/બ.સ.૨ | – |

### ક. ન્યાયાલયના આંકની યાદી

| અનુક્રમ | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧ . | આંક ન્યા–૧ /ન્યા.સ.૧ | – |
| ૨ . | આંક ન્યા–૨ /ન્યા.સ.૨ | – |

**ડ. ભૌતિક પદાર્થ**

| **અ.નં.** | **ભૌતિક પદાર્થ સૂંખ્યા** | **વર્ણન** |
|---|---|---|
| ૧. | ભૌ.પ.૧ | – |
| ૨. | ભૌ.પ.૨ | – |

**–: ઠરાવ :–**

(૧) ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીઓએ તા.૨૦/૦૫/૨૨ ના કલાક ૧૭–૩૦ વાગે મોજે ઉબરવા ગામે ફરીયાદી તથા સાહેદ પોતાના ઘરે બેહેલા હતા તે દરમ્યાન આરોપીઓ ફરીયાદી તથા સાહેદોના ઘરે આવી બેફાગ ગાળો બોલી કહેવા લાગેલ કે આ જમીનમાં તમારે કોઈ લાગભાગ નથી તમો આ ઘર ખાલી કરી જતા રહો તેમ કહી ગાળો બોલતા હોઈ, ફરીયાદીએ ગાળો બોલવાની ના પાડતાં બંને આરોપીઓ ઉશ્કેરાઈ જઈ છુટા પથ્થરો મારી સાહેદ જેથાભાઈને માથામાં ઈજાઓ કરી તથા સાહેદ દીપુબેનને ગડદાપાટુનો માર મારી, અવારનવાર ધમકીઓ આપી એકબીજાની મદદગારી કરી મે. જીલ્લા મેજી. સા.ના જાહેરનામાનો ભંગ કરી ભારતીય દંડ સંહીતાની કલમ–૩૩૭, ૩૨૪, ૩૨૩, ૨૯૪(ખ), ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબ નો શિક્ષાપાત્ર ગુન્હો આ અદાલતની હકુમતમાં કરતાં, આરોપીઓ વિરુધ્ધ ફરીયાદીએ પોશીના પોલીસ સ્ટેશન ફર્સ્ટ. ગુ. રજી. નં.૦૨૮૬/૨૦૨૨ થી ફરીયાદ નોંધાવેલ છે. તપાસ કરનાર અમલદારે જરુરી પંચનામા કરી, સાહેદોના નિવેદનો નોંધી આરોપીઓ વિરુધ્ધના ગુનાની તપાસ કરી હાલનું ચાર્જશીટ દાખલ કરેલું છે.

(૨) આ કામે આરોપીઓને સમન્સ કરતાં, આરોપીઓ હાજર થયેલ અને તેમને પોલીસ પેપર્સના કાગળો મળી ગયાની ખાત્રી કર્યા બાદ, આંક–૫ થી આરોપીઓ વિરૂધ્ધ તહોમતનામું ફરમાવી, આંક–૬ તથા આંક–૭ સુધી પ્લી વાંચી

સંભળાવી સમજાવી, નોંધતાં આરોપીઓએ ગુનો કર્યાનો ઈન્કાર કરતાં, આરોપીઓ સામેનો કેસ આગળ ચલાવવામાં આવેલ છે.

(૩) ફરીયાદપક્ષ તરફે આ કામે નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલો છે.

**:: મૌખિક પુરાવો ::**

(૧) આંક–રર ફરીયાદી શંકરભાઈ સવિચાભાઈ ગમારની જુબાની

(ર) આંક–ર૩ સાહેદ જેથાભાઈ લાધુભાઈ ગમારનીની જુબાની

(૩) આંક–ર૪ સાહેદ દીપુબેન જેથાભાઈ ગમારની જુબાની

**:: દસ્તાવેજી પુરાવો ::**

(૧) આંક– P1/PW1 ફરીયાદ

(ર) આંક–ર૫ મેડીકલ સર્ટીફીકેટ

(૩) આંક–ર૬ હથિયાર બંધીનું જાહેરનામું

(૪) ત્યાર બાદ ફરિયાદપક્ષ દવારા તેઓ વધુ પુરાવો આપવા માંગતા ન હોવાની પુરસીસ આંક–ર૭ થી રજુ રાખેલ છે. ફરીયાદ પક્ષનો પુરાવો પુરો થયા બાદ એફ.એસ. લાયક પુરાવો ન હોઈ આરોપીનું ક્રિ. પ્રો. કો. કલમ :– ૩૧૩ મુજબ વિશેષ નિવેદન નોંધવામા આવેલ નથી.

ત્યાર બાદ આરોપી સામેના કેસ સંદર્ભે પ્રોસીકયુશન તરફે વિ.એ.પી.પી.શ્રીની તથા આરોપી તરફે આરોપીના વિ. વકીલશ્રી ની લંબાણ પુર્વકની દલીલો સાંભળી.

(૫) હાલના કામે રજુ થયેલ તમામ પુરાવોના આધીન કેસના આખરી નિકાલ સારુ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થયેલ છે.

**-: મુદ્દાઓ :-**

(૧) શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીઓએ તા.૨૦/૦૫/૨૨ ના કલાક ૧૭-૩૦ વાગે મોજે ઉંબરવા ગામે ફરીયાદી તથા સાહેદ પોતાના ઘરે બેઠેલા હતા તે દરમ્યાન આરોપીઓ ફરીયાદી તથા સાહેદોના ઘરે આવી બેફાગ ગાળો બોલી કહેવા લાગેલ કે આ જમીનમાં તમારે કોઈ લાગભાગ નથી. તમો આ ઘરે ખાલી કરી જતા રહો તેમ કહી ગાળો બોલતા હોઈ ફરીયાદીએ ગાળો બોલવાની ના પાડતાં બંને આરોપીઓ ઉશ્કેરાઈ જઈ છુટા પથ્થરો મારી સાહેદ જેથાભાઈને માથામાં ઈજાઓ કરી તથા સાહેદ દીપુબેનને ગડદાપાટુનો માર મારી અવારનવાર ધમકીઓ આપી એકબીજાની મદદગારી કરી મે. જીલ્લા મેજી. સા.ના જાહેરનામાનો ભંગ કરી ભારતીય દંડ સંહીતાની કલમ-૩૩૭, ૩૨૪, ૩૨૩, ૨૯૪(ખ), ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી.એકટની કલમ-૧૩૫ મુજબના શિક્ષાપાત્ર ગુન્હો આ અદાલત ની હકુમતમાં કરેલ છે ?

(૨) શું હુકમ ?

(૬) ઉપરોકત મુદ્દા અંગેના ન્યાયીક નિર્ણય નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

(૭) ઉપરોકત મુદ્દાઓના નિર્ણય માટેનાં કારણો નીચે મુજબ છે.

**-: કારણો :-**

(૮) **મુદ્દા નંબર-૧ :-**

(૯) આ કામે ફરીયાદીપક્ષ તરફે રજુ થયેલ પુરાવાનું મૂલ્યાંકન કરીએ તે પહેલા પુરાવાના મૂલ્યાંકન વિશેના જે પ્રસ્થાપિત સિધ્ધાંતો છે તે જોઈએ તો ભારતીય ફોજદારી ન્યાયશાસ્ત્રના સિધ્ધાંતો મુજબ આરોપી વિરૂધ્ધનું તહોમત નિ:શંકપણે પુરવાર કરવાની જવાબદારી ફરીયાદપક્ષ ઉપર હોય

છે. ઈન્ડીયન એવીડેન્સ એકટ, ૧૮૭૨ ની કલમ–૧૦૧ થી ૧૦૩ ની જોગવાઈ મુજબ પણ આરોપી વિરૂધ્ધનું તહોમત પુરવાર કરવાનો સાબિતીનો બોજો ફરીયાદપક્ષ ઉપર હોય છે. તેથી ફરીયાદપક્ષે આરોપી વિરૂધ્ધનું તહોમત નિ:શંકપણે પુરવાર કરવાનું હોય છે અને આરોપીએ માત્ર મૌન રાખવાનુ હોય છે. આરોપીની સામેનું તહોમત નિ:શંકપણે પુરવાર ન થાય ત્યાં સુધી તે નિર્દોષ છે એવું અનુમાન કરવાનું હોય છે. વધુમાં ફોજદારી કેસોમાં પુરાવાનું મૂલ્યાંકન કરતી વખતે અદાલતે એક મેન્ટલ પ્રોસેસ કરવાની હોય છે તેમજ દરેક કેસ પોતપોતાની હકીકત અને રજુ થયેલ પુરાવા તથા કેસના ગુણદોષ પર આધારિત હોય છે. નામદાર સુપ્રીમ કોર્ટે સ્ટેટ ઓફ ઉત્તરપ્રદેશ વિ. અનિલસિંહ, એ.આઈ.આર.૧૯૮૮ સુપ્રીમકોર્ટ ૧૯૯ વાળા ચુકાદામાં એમ ઠરાવેલ છે કે, ''સો ગુનેગારો ભલે નિર્દોષ છુટી જાય પરંતુ એક નિર્દોષને ખોટી રીતે સજા ન થવી જોઈએ'' તેવો કાયદાનો સિધ્ધાંત છે પરંતુ સાથે સાથે જજની એ પણ ફરજ છે કે ગુન્હો કરનાર વ્યકિત સજામાંથી છટકવી જોઈએ નહી. પહેલો સિધ્ધાંત જેટલો અગત્યનો છે, તેટલો જ અગત્યનો બીજો સિધ્ધાંત છે. તેવો જ સિધ્ધાંત નામદાર સુપ્રીમ કોર્ટે નરેન્દ્ર વિ. સ્ટેટ ઓફ કર્ણાટકા, ૨૦૦૯(૨) ક્રાઈમ્સ ૪૧૫ સુપ્રીમ કોર્ટ વાળા ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ છે. તેવી જ રીતે ફોજદારી કેસોમાં પુરાવાની ગુણવત્તા અને સાહેદોની વિશ્વસનીયતા કોર્ટે ધ્યાને લેવાની હોય છે અને કેટલા જથ્થામાં પુરાવો છે તે હકીકત અગત્યની નથી. વધુમાં રજુ થયેલ પુરાવા કેટલા વિશ્વસનીય છે અને તેવા પુરાવાના આધારે આરોપીને તકસીરવાન ઠરાવી શકાય છે કે કેમ, તે અગત્યનું છે. આટલી પૂર્વભુમિકા બાદ આ કામે ફરીયાદપક્ષે રજુ કરેલ પુરાવાની વિચારણા કરીને ફરીયાદપક્ષે આરોપી સામે જે આક્ષેપો કરેલા છે તે પુરવાર કરી શકયા છે કે કેમ ? તે નકકી કરવાનું રહે છે અને ફરીયાદપક્ષે આરોપી સામે જે આરોપ

મકેલ છે તે હકીકત પુરવાર કરવા માટે ફરીયાદપક્ષે જે મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે, તે ધ્યાને લેવો જરૂરી છે.

(૧૦) આ કામે ફરીયાદપક્ષે રજુ કરેલ પુરાવાનું મૂલ્યાંકન કરતા આંક–૨૨ થી ફરીયાદી શંકરભાઈ સવિયાભાઈ ગમારને સોગંદ પર તપાસવામા આવેલા છે. તેઓ પોતાની જુબાનીમાં જણાવેલ છે કે, તા.૨૦/૦૫/૨૦૨૨ ના રોજ તેમના ગામમાં લાલુભાઈ હોશાભાઈ ગમારના ઘરે તેમની દિકરીની સગાઈ હોય તેઓ તથા તેમના કાકા જેથાભાઈ બંને જણા બપોરના ૧૨ વાગે જમણવારમાં ગયેલા અને ત્યાં થી ઘરે પરત પાંચેક વાગ્યાની આસપાસ આવી ગયેલ હતા અને તેઓના ઘરે સોનગઢથી તેમના વેવાઈ પોપટભાઈ જુમાભાઈ ડાભીનાઓ આવેલ હતા. તેઓ બેસી વાતચીત કરતા હતા તે દરમ્યાન તેમના કુટુંબી ઈશ્વરભાઈ બચુભાઈ ગમાર તથા કાળાભાઈ ઉર્ફે દિનેશભાઈ બચુભાઈ ગમાર આવી ગયેલા અને સામાન્ય બોલચાલી કરવા લાગેલા. જેથી આજુબાજુમાંથી ઘણા બધા માણસોનું ટોળું ભેગુ થઈ જતા ધકકા મુકકીના કારણે તેમના કાકા જેથાભાઈને તથા તેમના પત્ની દીપુબેનને ધકકા મુકકીના કારણે પડી જવાથી ઈજાઓ થયેલી. આ સિવાય બીજુ કાંઈ બનેલ નહી. તેમના કાકા જેથાભાઈને ૧૦૮ મારફત પોશીના સરકારી દવાખાને તથા ત્યાર બાદ હિંમતનગર સરકારી દવાખાને લઈ જઈ સારવાર કરાવેલી. બનાવ અંગેની ફરીયાદ તેઓએ આપેલી. જે ફરીયાદ સદર કામે આંક–P1/PW1 થી પુરાવામાં રજુ છે.

સદર ફરીયાદીને વિ.એ.પી.પી.શ્રીની મૌખીક વિનંતીથી ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરવામાં આવેલ અને ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્ર શ્નો પુછવાની પરવાનગી આપવામાં આવેલ આમ છતાં સદર ફરીયાદી ફરીયાદની કોઈ હકીકતોને સમર્થનકારી પુરાવો રજુ રાખતા નથી.

જયારે બચાવપક્ષે સદર ફરીયાદીની ઉલટતપાસ કરવામાં આવેલ છે જેમા તેઓએ જણાવેલ છે કે, બનાવમાં આરોપીઓ સાથે સામાન્ય બોલાચાલી થયેલી તે સિવાય બીજુ કશું બનેલ નહી. ઘણા માણસોનું ટોળું ભેગુ થઈ જતા ધકકા મુકકીના કારણે પડી જવાથી તેમના કાકા જેથાભાઈ તથા દીપુબેનને ઈજાઓ થયેલી. બનાવ સમયે આરોપીઓએ બિભત્સ ગાળો બોલેલ હોય કે જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોય તેવું બનેલ નથી. બનાવ સમયે આરોપીઓના હાથમાં પથ્થર હોય અને તે પથ્થર મારી ઈજાઓ કરેલ હોય તેવું બનેલ નથી. આ કામના આરોપીઓ તેમના કુટુંબી થતા હોય બનાવ સમય પહેલાથી ઓળખે છે.

(૧૨) આ કામે ફરીયાદપક્ષે સાહેદ જેથાભાઈ લાધુભાઈ ગમારને સોગંદ પર તપાસવામા આવેલા છે. તેઓ પોતાની જુબાનીમાં જણાવેલ છે કે, તા.૨૦/૦૫/૨૦૨૨ ના રોજ તેમના ગામમાં લાલુભાઈ હોશાભાઈ ગમારના ઘરે તેમની દિકરીની સગાઈ હોય તેઓ તથા તેમના ભત્રીજા શંકરભાઈ બંને જણા બપોરના ૧૨ વાગે જમણવારમાં ગયેલા અને ત્યાંથી ઘરે પરત પાંચેક વાગ્યાની આસપાસ આવી ગયેલ હતા અને તેઓના ઘરે સોનગઢથી તેમના વેવાઈ પોપટભાઈ જુમાભાઈ ડાભીનાઓ આવેલ હતા. તેઓ બેસી વાતચીત કરતા હતા તે દરમ્યાન તેમના કુટુંબી ઈશ્વરભાઈ બચુભાઈ ગમાર તથા કાળાભાઈ ઉર્ફે દિનેશભાઈ બચુભાઈ ગમાર આવી ગયેલા અને સામાન્ય બોલાચાલી કરવા લાગેલા. જેથી આજુબાજુમાંથી ઘણા બધા માણસોનું ટોળું ભેગુ થઈ જતા ધકકા મુકકીના કારણે તેમને તથા તેમના પત્ની દીપુબેનને ધકકા મુકકીના કારણે પડી જવાથી ઈજાઓ થયેલી. આ સિવાય બીજુ કાંઈ બનેલ નહી. તેમને ૧૦૮ મારફત પોશીના સરકારી દવાખાને તથા ત્યાર બાદ હિંમતનગર સરકારી દવાખાને લઈ જઈ સારવાર કરાવેલી. બનાવ અંગેની ફરીયાદ તેમના ભત્રીજા શંકરભાઈએ આપેલી.

સદર સાહેદને વિ.એ.પી.પી.શ્રીની મૌખીક વિનંતીથી ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરવામાં આવેલ અને ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી આપવામાં આવેલ આમ છતાં સદર સાહેદ ફરીયાદની કોઈ હકીકતોને સમર્થનકારી પુરાવો રજુ રાખતા નથી.

જ્યારે બચાવપક્ષે સદર સાહેદની ઉલટતપાસ કરવામાં આવેલ છે જેમા તેઓએ જણાવેલ છે કે, બનાવમાં આરોપીઓ સાથે સામાન્ય બોલાચાલી થયેલી તે સિવાય બીજુ કશું બનેલ નહી. ઘણા માણસોનું ટોળું ભેગુ થઈ જતા ધકકા મુકકીના કારણે પડી જવાથી તેમને તથા તેમના પત્ની દીપુબેનને ઈજાઓ થયેલી. બનાવ સમયે આરોપીઓએ બિભત્સ ગાળો બોલેલ હોય કે જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોય તેવું બનેલ નથી. બનાવ સમયે આરોપીઓના હાથમાં પથ્થર હોય અને તે પથ્થર મારી ઈજાઓ કરેલ હોય તેવું બનેલ નથી. આ કામના આરોપીઓ તેમના કુટુંબી થતા હોય બનાવ સમય પહેલાથી ઓળખે છે.

(૧૩) આ કામે ફરીયાદપક્ષે સાહેદ દીપુબેન જેથાભાઈ ગમારને સોગંદ પર તપાસવામા આવેલા છે. તેઓ પોતાની જુબાનીમાં જણાવેલ છે કે, તા.૨૦/૦૫/૨૦૨૨ ના રોજ તેમના ગામમાં લાલુભાઈ હોશાભાઈ ગમારના ઘરે તેમની દિકરીની સગાઈ હોય તેમના પતિ તથા તેમના ભત્રીજા શંકરભાઈ બંને જણા બપોરના ૧૨ વાગે જમણવારમાં ગયેલા અને ત્યાંથી ઘરે પરત પાંચેક વાગ્યાની આસપાસ આવી ગયેલ હતા અને તેઓના ઘરે સોનગઢથી તેમના વેવાઈ પોપટભાઈ જુમાભાઈ ડાભીનાઓ આવેલ હતા. તેઓ બેસી વાતચીત કરતા હતા તે દરમ્યાન તેમના કુટુંબી ઈશ્વરભાઈ બચુભાઈ ગમાર તથા કાળાભાઈ ઉર્ફે દિનેશભાઈ બચુભાઈ ગમાર આવી ગયેલા અને સામાન્ય બોલાચાલી કરવા લાગેલા. જેથી આજુબાજુમાંથી ઘણા બધા માણસોનું ટોળું ભેગુ થઈ જતા ધકકા મુકકીના કારણે તેમને તથા તેમના પતિ જેથભાઈને ધકકા મુકકીના

કારણે પડી જવાથી ઈજાઓ થયેલી. આ સિવાય બીજુ કાંઈ બનેલ નહી. તેમના પતિ જેથાભાઈને ૧૦૮ મારફત પોશીના સરકારી દવાખાને તથા ત્યાર બાદ હિંમતનગર સરકારી દવાખાને લઈ જઈ સારવાર કરાવેલી. બનાવ અંગેની ફરીયાદ તેમના ભત્રીજા શંકરભાઈએ આપેલી.

સદર સાહેદને વિ.એ.પી.પી.શ્રીની મૌખીક વિનંતીથી ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરવામાં આવેલ અને ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી આપવામાં આવેલ આમ છતાં સદર સાહેદ ફરીયાદની કોઈ હકીકતોને સમર્થનકારી પુરાવો રજુ રાખતા નથી.

જયારે બચાવપક્ષે સદર સાહેદની ઉલટતપાસ કરવામાં આવેલ છે જેમા તેઓએ જણાવેલ છે કે, બનાવમાં આરોપીઓ સાથે સામાન્ય બોલાચાલી થયેલી તે સિવાય બીજુ કશું બનેલ નહી. ઘણા માણસોનું ટોળું ભેગુ થઈ જતા ધકકા મુકકીના કારણે પડી જવાથી તેમને તથા તેમના પતિને ઈજાઓ થયેલી. બનાવ સમયે આરોપીઓએ બિભત્સ ગાળો બોલેલ હોય કે જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોય તેવું બનેલ નથી. બનાવ સમયે આરોપીઓના હાથમાં પથ્થર હોય અને તે પથ્થર મારી ઈજાઓ કરેલ હોય તેવું બનેલ નથી. આ કામના આરોપીઓ તેમના કુટુંબી થતા હોય બનાવ સમય પહેલાથી ઓળખે છે.

(૧૪) આમ, ઉપરોકત ફરીયાદી તથા ઈજા પામનાર સાહેદોની કોર્ટ રૂબરૂની જુબાનીનું મુલ્યાંકન કરતા તેઓ બનાવ ને સમર્થનકારી કોઈ માહીતી ધરાવતા હોય તેવું જણાઈ આવતું નથી. ફરીયાદી અને ઈજા પામનાર સાહેદ પોતે જ પોતાની ઉલટતપાસમાં એ હકીકત સ્વીકારેલ છે કે આરોપીઓએ જાનથી મારી નાખવાની ધમકી આપેલ નહી તેમજ આરોપીએ કોઈ અપશબ્દો કે ગાળો બોલેલ નહી કે ગડદાપાટુનો માર મારેલ નહી. આમ, સદર ફરીયાદી અને ઈજા પામનારની જુબાનીથી સાહેદને ગડદાપાટુનો માર મારી, ગાળો બોલી, જાનથી મારી નાખવાની

ધમકી આપેલ હોય તેવી કોઈ હકીકત પુરવાર થતી નથી. જેથી સદર ફરીયાદીની જુબાનીથી હાલના આરોપીઓને તકસીરવાન ઠરાવી શકાય નહી. વધુમાં, આ કામે બચાવ પક્ષની સમંતીથી આંક-૨૬ થી હથીયાર બંધીનું જાહેરનામું રજુ રાખેલ છે. સદર જાહેરનામું વંચાણે લેતાં બનાવ સમયે સદર જાહેરનામું અમલમા હોય તેમ જણાઈ આવે છે. પરંતુ સદર હથીયારબંધીના જાહેરનામાના ઢંઢેરા અંગેનો કોઈ પુરાવો અદાલત સમક્ષ આવેલ નથી. વધુમાં આ કામે ફરીયાદ પક્ષે રજુ થયેલ સાહેદોના પુરાવામાંથી પણ આરોપીઓએ બનાવ સમયે કોઈ હથીયાર ધારણ કરેલ હોવાની હકીકત સાબીત થતી નથી.

(૧૫) આમ, રજુ થયેલ સમગ્ર પુરાવો જોતાં, ફરીયાદ મુજબનું કૃત્ય આરોપીઓએ ફરીયાદી તથા ઈજા પામનાર સાહેદો સાથે આચરેલ હોય તેવો લેશમાત્ર પુરાવો ફરીયાદપક્ષે તપાસેલ ફરીયાદી તથા ઈજા પામનાર સાહેદો તેની જુબાનીમાં જણાવતા નથી. આમ, સમગ્ર રીતે જોતાં ફરીયાદ પક્ષ આરોપીઓ સામેનો કેસ પુરવાર કરવામાં સદંતર નિષ્ફળ નિવડેલ હોય, જેથી ઉપરોકત કરેલ ચર્ચાઓ મુજબ ફરીયાદપક્ષ આરોપીઓ સામે ભારતીય દંડ સંહીતાની કલમ-૩૩૭, ૩૨૪, ૩૨૩, ૨૯૪(ખ), ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી.એકટની કલમ-૧૩૫ મુજબના ગુનાનો આક્ષેપ પુરવાર કરી શકેલ ન હોય તે સબબ મુદ્દા નં.૧ નો નિર્ણય નકારમાં ઠરાવી, મુદ્દા નં.૨ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>-:: આખરી હુકમ ::-</u>**

(૧) આ કામના આરોપીઓ (૧) ઈશ્વરભાઈ બચુભાઈ ગમાર, (૨) દિનેશભાઈ ઉર્ફે કાળાભાઈ બચુભાઈ ગમાર, બંને રહે.ઉબરવા, તા.પોશીના, જી.સાબરકાંઠાને ક્રિ.પ્રો. કોડની કલમ-૨૪૮(૧) અન્વયે ભારતીય દંડ સંહીતાની કલમ-૩૩૭, ૩૨૪, ૩૨૩, ૨૯

૪(ખ), ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી.એકટની કલમ –૧૩૫ મુજબના શિક્ષાપાત્ર ગુના સબબ નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આરોપીના ટ્રાયલ દરમીયાનના જામીન તથા જાતમુચરકા રદ્દ કરવામાં આવે છે.

(૩) ક્રિ. પ્રો. કો. કલમ–૪૩૭ (એ) અન્વયે આરોપીને રૂ.૧૦,૦૦૦/– ના જામીન તથા તેટલીજ રકમના બોન્ડ અપીલ સમય માટે આપવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તા.૧૧મી, માહે. જાન્યુઆરી સને–૨૦૨૪ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કર્યો.

તા. ૧૧/૦૧/૨૦૨૪
સ્થળ : પોશીના

**(એસ.જે.બિહારી)**
જ્યુડી. મેજી. ફ.ક., પોશીના.
જજ કોડ નં.જીજે૦૧૬૬૬

//A.B.K.//